અપીલ અરજી નં.૩૩૭ તા.૮–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર

સામાવાળાઃ–શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી(સેન્ટ્રલઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૯–૧૨–૦૯ ની અરજીથી એસ.આઈ. શ્રી એમ. એમ. પરમાર કર્મચારી નં.૨૨૧૫૪ ફાઈલેરીયા મેલેરીયા વિભાગ સેન્ટ્રલઝોન ઉત્તર યુનિટ સૈયદપુરા, (૧) ઉપરોકત એસ.આઈ અધિકારીને આપનાં વિભાગ તરફથી સશસ્ત્ર સેના ઝંડા દિવસ, ૭ ડીસેમ્બરના સ્ટીકરનું ૯ ડીસેમ્બર –૦૯ નાંરોજ સૈયદપુરા શાકમાર્કેટ વિસ્તારનાં ફેરિયાઓમાં જબરજસ્તી અને દાદાગીરીથી રૂા.૨૦/–માં સ્ટીકર વિતરણ કરવાની મંજુરી કે પરિપત્ર પાઠવેલ હોય તેની માહિતીની નકલ.(૨) ઉપરોકત વિભાગના સ્ટાફના નામ, કર્મચારીનંબર, પોસ્ટ સહીતની સંપુર્ણ વિગત નકલ. (૩) ઉપરોકત વિભાગના સ્ટાફમાં કામ કરતા રેગ્યુલર કર્મચારીની તથા ફકત હાજરી પુરાવી ચાલ્યા જતા કામના ફરજ બજાવતા કર્મચારીની માહિતીની નકલ આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૮–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૩૭/૨૦૦૯–૧૦

શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવારની તા.૯–૧૨–૦૯ ની અરજીથી એસ.આઈ. શ્રી એમ. એમ. પરમાર કર્મચારી નં.૨૨૧૫૪ ફાઈલેરીયા મેલેરીયા વિભાગ સેન્ટ્રલઝોન ઉત્તર યુનિટ સૈયદપુરા, (૧) ઉપરોકત એસ.આઈ અધિકારીને આપનાં વિભાગ તરફથી સશસ્ત્ર સેના ઝંડા દિવસ, ૭ ડીસેમ્બરના સ્ટીકરનું ૯ ડીસેમ્બર –૦૯ નાંરોજ સૈયદપુરા શાકમાર્કેટ વિસ્તારનાં ફેરિયાઓમાં જબરજસ્તી અને દાદાગીરીથી રૂા. ૨૦/– માં સ્ટીકર વિતરણ કરવાની મંજુરી કે પરિપત્ર પાઠવેલ હોય તેની માહિતીની નકલ. (૨) ઉપરોકત વિભાગના સ્ટાફના નામ, કર્મચારીનંબર, પોસ્ટ સહીતની સંપુર્ણ વિગત નકલ. (૩) ઉપરોકત વિભાગના સ્ટાફમાં કામ કરતા રેગ્યુલર કર્મચારીની તથા ફકત હાજરી પુરાવી ચાલ્યા જતા કામના ફરજ બજાવતા કર્મચારીની માહિતીની નકલ આપવા બાબતે શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનના પત્ર નં.સીઝેડ/આરટીઆઈ/આ.૧૩૬૭ તા.૫–૧–૧૦ થી આપેલ માહિતી બેજવાબદાર, વાહીયાત,અયોગ્ય,અપુરતી આપ્યાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૮–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૭૬ તા.૧૮–૧–૧૦ થી શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સ ેન્ટ્રલઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ.જ ેના અનુસંધાને અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી.પરંતુ અરજદારે અપીલ સાથે જાહેર માહિતી અધિકારીએ આપેલ પ્રત્યુત્તરની નકલ રજૂ કરેલ છે.

અરજદારની તા.૯–૧૨–૦૯ ની અરજીથી ઉપરોકત વિષય બાબતે એસ.આઈ. શ્રી એમ. એમ. પરમાર કર્મચારી નં.૨૨૧૫૪ ફાઈલેરીયા મેલેરીયા વિભાગ સેન્ટ્રલઝોન ઉત્તર યુનિટ સૈયદપુરા બાબતેમુદ્દા ન.૧ થી ૩ ની માહિતી માંગવામાં આવેલ. જે જાહેર માહિતી અધિકારી તરફથી નં.સી.ઝેડ/આરટીઆઈ/આ.નં.૧૩૬૭ તા.૫–૧–૧૦ થી અરજદારને આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં.(૧) ઉપરોકત એસ.આઈ અધિકારીને આપનાં વિભાગ તરફથી સશસ્ત્ર સેના ઝંડા દિવસ, ૭ ડીસેમ્બરના સ્ટીકરનું ૯ ડીસેમ્બર –૦૯ના રોજ સૈયદપુરા શાકમાર્કેટ વિસ્તારનાં ફેરિયાઓમાં જબરજસ્તી અને દાદાગીરીથી રૂા.૨૦/–માં સ્ટીકર વિતરણ કરવાની મંજુરી કે પરિપત્ર પાઠવેલ હોય તેની માહિતીની નકલ. તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં જાહેર માહિતી અધિકારી તરફથી એસ.આઈ.શ્રી એમ. એમ. પરમારને સશસ્ત્ર સેના ઝંડા દિવસ નિમિતે સેન્ટ્રલઝોન મહેકમ વિભાગ તરફથી ફાળવેલ સ્ટીકર વિતરણ કરવા માટે આપેલ છે. જે અંગે કોને વિતરણ કરવું તે બાબતે કોઈ પણ પ્રકારના પરિપત્ર/ મંજુરી ઉપલબ્ધ નથી. તેવી માહિતી આપવામાં આવેલ છે. (૨) ઉપરોકત વિભાગના સ્ટાફના નામ, કર્મચારીનંબર, પોસ્ટ સહીતની સંપુર્ણ વિગત સહિતની નકલ.તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં માહિતીની વિગત/વિવરણના મુદ્દા નં.૨ મુજબ હાલમાં ફાઈલેરીયા મેલેરીયા વિભાગ કાર્યરત નથી. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. મુદ્દા નં.(૩) ઉપરોકત વિભાગના સ્ટાફમાં કામ કરતા રેગ્યુલર કર્મચારીની તથા ફકત હાજરી પુરાવી ચાલ્યા જતા કામના ફરજ બજાવતા કર્મચારીની માહિતીની નકલ આપવા બાબત.તેવા પ્રશ્નના પ્રત્યુત્તરમાં મુદ્દા નં.૩ બાબતેની કોઈ પણ પ્ર કારની માહિતીના કચેરીના રેકર્ડ ઉપર ઉપલબ્ધ નથી. તેવી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૮–૧–૧૦ ના રોજ મળેલો પ્રતિભાવ એસ.આઈ અધિકારીને બચાવવા લુલો, બાલિશ અને છાવરવા જણાતો બેજવાબદાર વાહીયાત, અયોગ્ય અપૂરતી અને અસત્ય માહિતી આપેલ જણાવી અપીલ અરજી કરેલ છે અને માંગેલ માહિતી અપાવવા વિનંતી કરેલ છે. આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨ (જે) હેઠળ માહિતી અને માહિતી અધિકાર ની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તામંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. અરજદારે અપીલ અરજીમાં ફરીયાદને લગતી રજૂઆત કરેલ હોય તેવું જણાય છે.

અરજદારે અપીલ તબકકે મુદ્દા નં.૨ અંગે ફાઈલેરીયા મેલેરીયા વિભાગ બંધ છે જ નહીં તેમ છતાં માહિતી આપેલ નથી. તેમજ મુદ્દા નં.૩ અંગે ઓફિસમાં બેઠા બેઠા માહિતી આપ્યાનો આક્ષેપ કરેલ છે. મુદ્દા નં.૨ ની માહિતીને સબંધ છે ત્યાં સુધી કાર્યરત વિભાગની તથા તેના કર્મચારીઓની માહિતી જાહેર સત્તા મંડળની વેબસાઈટ પર સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં મુકવાની રહે છે. અરજદાર તે માધ્યમથી પણ આ માહિતી મેળવવા સ્વતંત્ર છે. જયારે મુદ્દા નં.૩ ની દફતરી ઉપલબ્ધ માહિતી આપવાની રહે તે અપાયેલ જણાય છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૯–૧૨–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૨ સેન્ટ્રલઝોન ઉત્તર યુનિટના કાર્યરત કર્મચારીઓની માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૩) સાથે નિયમ–૫ બી હેઠળ નિયત ફી ભરપાઈ કરાવી અરજદારને દિન–૭ માં અત્રેની જાણ હેઠળ પૂરી પાડવા શહેર શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી સેન્ટ્રલઝોનને જણાવવામાં આવે છે. મુદ્દા નં.૩ અંગે અરજદાર ઈચ્છુક હોય તો દિન–૭ માં લાગત જાહેર માહિતી અધિકારીનો આગોતરો સમય મેળવી લાગત દફતરની તપાસણી કરવા સ્વતંત્ર છે. જે અંગે કલમ–૭(૩) સાથે નિયમ–૫ હેઠળની ફી લાગુ કિસ્સામાં ભરપાઈ કરવાની રહેશે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) શહેર વિકાસ અધિકારી અને જાહેર માહિતી અધિકારી (સેન્ટ્રલઝોન)...જાણ તથા અમલ માટે
(૨) શ્રી નરેશભાઈ નાનજીભાઈ બથવાર